(૧૫)

**પ્ર.૧ (અ) નીચેનામાં કયા અતિચાર લાગે? (૨)**

| | **જવાબ** |
|---|---|
| ૧. હાથીને છટકું ગોઠવીને પકડ્યો હોય | **બંધે** |
| ૨. સંથારો કરી આત્મહત્યાના વિચારો કર્યા હોય | **મરણા સંસપ્પઓગે** |
| ૩. ઘેટાની ચામડીનો વેપાર કર્યો હોય | **કેસ વાણિજ્જે** |
| ૪. સામાયિકમાં ખોટા બિલ બનાવવાના વિચાર કર્યા હોય | **મણ દુપ્પણિહાણે** |

**(બ) બીજા શ્રમણસૂત્રના આધારે મૂળ પાઠ લખો. (૨)**

| | **જવાબ** |
|---|---|
| ૧. ગાય માટે રાખેલી રોટલી લીધી હોય | **મંડી પાહુડિયાએ** |
| ૨. સાધુ માટે બનાવેલી વસ્તુ વહોરાવી હોય | **ઉગ્ગમેણં** |
| ૩. દાડમ લીધું હોય | **બીય ભોયણાએ** |
| ૪. બંધ રૂમમાંથી લાવેલો આહાર લીધો હોય | **અદિટ્ઠહડાએ** |

**(ક) સંમૂર્ચ્છિમ મનુષ્યનો કયો ભેદ લાભે તે લખો. (૨)**

| | **જવાબ** |
|---|---|
| ૧. પેશાબની કોથળીમાં | **પાસવણેસુ વા** |
| ૨. માખીની લીંટમાં | **ન ઉપજે** |
| ૩. રૂમાલમાં કાઢેલા કફમાં | **ખેલેસુ વા** |
| ૪. ગુમડા થયા હોય તેના પરૂમાં | **પૂએસુ વા** |

**(ડ) માત્ર સંખ્યા લખો. (૩)**

૧. આચાર – **૫** ૨. કર્મભૂમિ – **૧૫** ૩. તીર્થંકરનું જઘન્ય આયુષ્ય – **૭૨ વર્ષ**
૪. ભાવના – **૧૨/૨૫** ૫. સમકિતની જીવાયોનિ – **૩૨ લાખ** ૬. ગુપ્તિ – **૩**

**(ઇ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૬)**

૧. ગર્ભજ કોને કહે છે? તે સંજ્ઞી છે કે અસંજ્ઞી?

**જ. જે જીવો માતા–પિતાના સંયોગથી ગર્ભમાં ઉત્પન્ન થાય છે તેને ગર્ભજ કહે છે. સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય તથા સંજ્ઞી મનુષ્યો ગર્ભજ હોય છે. તેઓ સંજ્ઞી એટલે કે મનવાળા હોય છે.**

૨. કીર્તન, વંદન, સ્મરણથી શું લાભ થાય છે?

**જ. ૧) જ્ઞાન વધે છે. ૨) શ્રદ્ધા વધે છે. ૩) નવા પાપકર્મોનો બંધ થતો નથી. ૪)પુણ્યનો બંધ થાય છે. ૫) જૂના પાપકર્મોનો નાશ થાય છે.**

૩. ઉવભોગ–પરિભોગ પરિમાણ વ્રત એટલે શું?

**જ. ઉપભોગ–પરિભોગ યોગ્ય વસ્તુઓની મર્યાદા કરવી. સાતમા બોલમાં બતાવેલ ૨૬ બોલની મર્યાદા કરવી તથા ૧૫ કર્માદાનનો ત્યાગ કરવો.**

(૫૫)

**પ્ર.૨ (અ) ગુણસ્થાનના આધારે જવાબ લખો. (૪૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૩૦)**

૧. ત્રીજા ગુણસ્થાનનો લક્ષણ દ્વાર લખો. (૬)

**જ. જેમ શ્રીખંડ ખાટા – મીઠા સ્વાદવાળો હોય તેમ સમકિત અને મિથ્યાત્વના મિશ્ર પરિણામ હોય તે મિશ્ર ગુણસ્થાન. જ્યારે મિશ્ર મોહનીયનો ઉદય હોય છે ત્યારે જીવને જૈનધર્મમાં રાગ કે દ્વેષ નથી. શ્રી વીતરાગ પ્રભુએ જે કહ્યો છે તે જ સાચો છે, એવી શ્રદ્ધારૂપ રાગ કે જૈનધર્મ ખોટો છે, અવિશ્વાસપાત્ર છે એવો દ્વેષ**

**નથી હોતો. સમકિત અને મિથ્યાત્વમાં તટસ્થ વૃત્તિ હોય તે મિશ્ર ગુણસ્થાન.**

**૧. અનાદિનો મિથ્યાત્વી જીવ પહેલે ગુણસ્થાનથી સીધો ત્રીજે ગુણસ્થાને આવતો નથી. ૨. ભૂતકાળમાં જેણે સમકિતની સ્પર્શના કરી હોય તે જ જીવ ત્રીજે ગુણસ્થાને આવે છે. ૩. તેથી સમકિત કે મિથ્યાત્વ બંન્ને બાજુથી જીવ મિશ્ર ગુણસ્થાને આવી શકે છે.**

**પ્રકૃતિ – ૪ અનંતાનુબંધી અને મિથ્યાત્વ મોહનીયનો ક્ષયોપશમ, સમકિત મોહનીયના ઉદયનો અભાવ, બાકીની ૨૨ પ્રકૃતિનો ઉદય હોય છે.**

**ફળ – ઉત્કૃષ્ટ દેશે ઊણું અર્ધ પુદ્ગલ પરાવર્તનકાળમાં અવશ્ય મોક્ષ પ્રાપ્ત કરે.**

૨. વીતરાગીને કેટલા અને કયા કયા પરિષહ હોય? (૪×૬)

**જ. વીતરાગીને ૧૪ પરિષહ હોય. પ્રજ્ઞા, અજ્ઞાન, અલાભ, ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, દંશમસગ, ચર્યા, સેજ્જા, વધ, રોગ, તૃણસ્પર્શ, મેલ.**

૨. દંડક દ્વાર લખો.

**જ. પહેલે ગુણસ્થાને ૨૪ દંડક, બીજે ગુણસ્થાને ૧૯ દંડક ૫ સ્થાવરના દંડક વર્જીને, ત્રીજે – ચોથે ગુણસ્થાને ૧૬ દંડક (૫ સ્થાવર, ૩ વિકલેન્દ્રિયના ૮ દંડક વર્જીને), પાંચમે ગુણસ્થાને ૨ દંડક (મનુષ્ય, તિર્યંચ પંચે.), છટ્ઠાથી ચૌદમા ગુણસ્થાને ૧ દંડક (મનુષ્ય).**

૪. બીજું, છટ્ઠું અને તેરમું ગુણસ્થાન લોકના કેટલા ભાગને સ્પર્શે?

**જ. બીજું ગુણસ્થાન – નીચી દિશામાં પંડગવનથી તે છટ્ઠી નરક સુધી સ્પર્શે તથા ઊંચી દિશામાં અધોલોકની વપ્રા અને સલીલાવતી વિજયથી તે નવ ગ્રૈવેયક સુધી સ્પર્શે.**

**છટ્ઠું ગુણસ્થાન – અધોલોકની વપ્રા અને સલીલાવતી વિજયથી તે પાંચ અનુત્તર વિમાન સુધી સ્પર્શે.**

**તેરમું ગુણસ્થાન – સર્વ લોક સ્પર્શે (તે કેવળ સમુદ્ઘાત અપેક્ષા)**

૫. ચોથા ગુણસ્થાને ઉદય, સંઘયણ, ચારિત્ર, ધ્યાન અને દશમા ગુણસ્થાને જીવાયોનિ, લેશ્યા, વેદ અને ક્રિયા કેટલા? માત્ર સંખ્યા લખો.

**જ. ચોથા ગુણસ્થાને ઉદય – આઠ કર્મનો, સંઘયણ – છ, ચારિત્ર – એકપણ નથી, ધ્યાન – ત્રણ અને દશમા ગુણસ્થાને જીવાયોનિ – ૧૪ લાખ, લેશ્યા – એક, વેદ – આઠ કર્મનો વેદ, ક્રિયા – ૧૫.**

૬. પહેલા ગુણસ્થાનનો સ્થિતિ દ્વાર લખો.

**જ. પહેલા ગુણસ્થાનની સ્થિતિ ત્રણ પ્રકારની – ૧) અનાદિ અનંત–તે જે મિથ્યાત્વની આદિ નથી અને અંત પણ નથી તે અભવ્ય જીવના મિથ્યાત્વ આશ્રી. ૨) અનાદિ સાંત–તે જે મિથ્યાત્વની આદિ નથી પણ અંત છે તે ભવ્ય જીવના મિથ્યાત્વ આશ્રી. ૩) સાદિ સાંત – તે જે મિથ્યાત્વની આદિ પણ છે અને અંત પણ છે તે પડિવાઈ સમકિતીના મિથ્યાત્વ આશ્રી. સાદિ સાંતની સ્થિતિ જ. અંત. ઉ. અર્ધ પુદ્ગલ પરાવર્તનથી દેશે ઊણી.**

૭. પાંચમા ગુણસ્થાને ઉપયોગ, અગિયારમા ગુણસ્થાને માર્ગણા, તેરમા ગુણસ્થાને હેતુ અને નવમા ગુણસ્થાને સમકિત કેટલા અને કયા કયા?

**જ. પાંચમા ગુણસ્થાને ઉપયોગ–૬, ૩ જ્ઞાન , ૩ દર્શન.**

**અગિયારમા ગુણસ્થાને માર્ગણા–૨, ચડવું નથી, પડે તો દશમે અને ચોથે આવે.**

**તેરમા ગુણસ્થાને હેતુ–૭ યોગ, ૨ મનના, ૨ વચનના, ૨ ઔદારિક, ૧ કાર્મણ,**

**નવમા ગુણસ્થાને સમકિત–૨, ઉપશમ સમકિત અને ક્ષાયિક સમકિત.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૬)**

| | **જવાબ** |
|---|---|
| ૧. ચૌદમા ગુણસ્થાને ભાવ કેટલા? કયા કયા? | **૩, ઉદય, ક્ષાયિક, પારિણામિક** |
| ૨. બીજા ગુણસ્થાને આત્મા કેટલા? કયા કયા? | **૭, ચારિત્ર આત્મા વર્જીને** |
| ૩. અણાહારક ગુણસ્થાન કેટલા? કયા કયા? | **૫, ૧, ૨, ૪, ૧૩, ૧૪** |

૪. આઠમા ગુણસ્થાને જીવના ભેદ કેટલા? કયા કયા? **૧, સંજ્ઞી પંચેન્દ્રિયનો પર્યાપ્તો**

૫. નવમા ગુણસ્થાને અંતર કેટલું? **જ. અંત. ઉ. દેશે ઊણું અર્ધ પુદ્ગલ**

૬. જ્ઞાનાવરણીય કર્મના ઉદયે કેટલા અને કયા કયા પરિષહ લાભે? **૨, પ્રજ્ઞા, અજ્ઞાન.**

**(૩) નીચેનામાં કેટલા અને કયા ગુણસ્થાન હોય? (૪)**

૧. અપડિવાઈ શાશ્વતા – **એક, તેરમું**

૨. અપ્રમાદી કષાયી – **ચાર, સાત, આઠ, નવ, દશ**

૩. ઉપશમ શ્રેણી સંઘયણ – **ત્રણ, વજ્રૠષભનારાચ, ઋષભનારાચ, નારાચ**

૪. વાટે વહેતા સમકિતી – **બે, બીજું, ચોથું**

**(બ) જીવ પરિણામ પદ – અજીવ પરિણામ પદના આધારે જવાબ લખો. (૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૧)**

૧. અજીવ પરિણામ કોને કહે છે? તેના ભેદ લખો. (૪)

**જ. અજીવમાં બંધન, ગતિ, વર્ણ, ગંધ વગેરે અવસ્થાઓ દ્વારા થતા પરિણામોને અજીવ પરિણામ કહે છે. તેના ભેદ – બંધન પરિણામ, ગતિ પરિણામ, સંસ્થાન પરિણામ, ભેદ પરિણામ, વર્ણ પરિણામ, ગંધ પરિણામ, સ્પર્શ પરિણામ, અગુરુલઘુ પરિણામ, શબ્દ પરિણામ.**

૨. સબરસ કોને કહે છે? શા માટે? ખરબચડો અને ગરમ સ્પર્શ શરીરના કયા અંગમાં છે? (૨×૩)

**જ. ખારો રસ, આ રસ બધા પુદ્ગલોમાં હોય છે અને તે પાંચે રસમાં ભળે છે, માટે તેને સબરસ કહે છે. ખરબચડો સ્પર્શ – પગની એડી, ગરમ સ્પર્શ – કલેજામાં.**

૩. મહાકાળ, વીજળી, કબૂતર અને પંકપ્રભામાં કુલ પરિણામ કેટલા? માત્ર સંખ્યા લખો.

**જ. મહાકાળ – ૨૬, વીજળી – ૧૭, કબૂતર – ૩૫, પંકપ્રભા – ૨૭.**

૪. બંધન પરિણામ એટલે શું? પરમાણુ પુદ્ગલ કેટલા પ્રકારના છે? કયા કયા?

**જ. અજીવમાં બે પરમાણુ પુદ્ગલથી માંડીને અનંત પ્રદેશી પુદ્ગલનું જોડાવું તે બંધન પરિણામ છે. પરમાણુ પુદ્ગલ બે પ્રકારના છે – સ્નિગ્ધ, રૂક્ષ.**

૫. યોગ પરિમાણ કેટલા છે? કયા કયા? (૧)

**જ. ચાર. મનયોગ, વચનયોગ, કાયયોગ, અયોગી.**

**(૨) માગ્યા પ્રમાણે જવાબ લખો. (૪)**

| | જવાબ |
|---|---|
| ૧. પોરામાં ઈન્દ્રિય | **બે, સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય** |
| ૨. મનુષ્યમાં કષાય | **પાંચ, ક્રોધ કષાય, માન કષાય, માયા કષાય, લોભ કષાય, અકષાયી** |
| ૩. વિજયંતમાં વેદ | **એક, પુરુષવેદ** |
| ૪. કારેલામાં લેશ્યા | **ત્રણ, કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા** |

(૧૦)

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૬)**

૧. નાનાને વડીલો પ્રત્યે અણગમો થાય ત્યારે શું ન વિચારાય? ચાર મુદ્દા લખો. (૪)

**જ. ૧) શું બધું વડીલોને પૂછીને જ કરવું જોઈએ? ૨) બધા કાર્યો વડીલોની ઈચ્છા પ્રમાણે કરવા એ કાંઈ જરૂરી નથી. ૩) વડીલોને ન ગમે એટલે ન કરવું એવું કોણે કહ્યું? ૪) વડીલો તો મારી ભૂલ જ દેખાય છે, સારું કરીએ છીએ એ તો દેખાતું જ નથી. ૫) મારે જે કરવું હોય તે હું કરું, તેમાં વડીલોએ માથું મારવાની જરૂરત નથી. ૬) મને ગમે તે હું કરું, તમને ગમે તે તમે કરો. હું ક્યાં કોઈને અટકાવું છું. ૭) ભણાવ્યા, ગણાવ્યા, મોટા કર્યા એમાં શું ઉપકાર કરી દીધો? જન્મ દીધો એટલે મોટા કરે જ ને !**

૨. ક્રોધ કરવાથી શરીરને શું નુકસાન થાય છે? ક્રોધને જીતવાની સાધના કેવી રીતે કરવી? (૨)

**જ. આંખ લાલ થાય, લોહી ગરમ થાય, ફીટ, ધ્રુજારી, બી.પી., હાઈ–લો, હાર્ટએટેક.**

**ક્રોધને જીતવાની સાધના માટે ૧) માલિકીભાવને છોડું, આવશ્યક્તાઓને ઘટાડું. ૨) ઈચ્છાઓને ઘટાડું, અપેક્ષાઓને તોડું. ૩) સમયની પકડ ન રાખું, સમય, ક્ષેત્ર, સંયોગ અને કામ બદલું. ૪) વસ્તુ ઓછી, વધુ ન ચલાવું તો શરીર, મન અને આત્માનું નુક્સાન થાય. ૫) ઉતાવળ ન કરું, બીજાને પહેલા કરવા દઉં. ૬) અવાજ ધીમો રાખું, મૌન રાખું.**

**(૨) ખાલી જગ્યા પૂરો.** **(૪)**

| | **જવાબ** |
|---|---|
| ૧. શરીર ...... અને ...... નું સાધન છે. | **ધર્મ, મોક્ષ** |
| ૨. ......, ...... ના મનોરથ કરીશ તો મોક્ષ મળશે. | **સંયમ, સંથારા** |
| ૩. જો વિચારોમાં ...... હશે તો ...... પર દ્વેષ નહીં આવે. | **વિશાળતા, અપકારી** |
| ૪. બીજા વિશે જેટલું ...... એટલા ...... થી બચી શકાય. | **ઓછું, પરનિંદા** |

**(૧૦)**

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. મહાશતકે ક્રોધમાં રેવતીને શું કહ્યું?

**જ. હે મોતની ચાહક રેવતી ! તું સાત રાત્રિની અંદર લકવાના રોગથી પીડિત થઈને વ્યથિત, દુ:ખિત તથા વિવશ થતી આયુ પૂર્ણ કરી અશાંતિપૂર્વક મરીને અધોલોકમાં પ્રથમ રત્નપ્રભા નરકમાં લોલાપાચ્યુત નરકાવાસમાં ૮૪૦૦૦ વર્ષની સ્થિતિની નારકીરૂપે ઉત્પન્ન થઈશ.**

૨. મહાશતકની ૧૨ પત્નીઓ પાસે કેટલી સંપત્તિ હતી? રેવતીએ બાર પત્નીને કેવી રીતે મારી નાંખી?

**જ. મહાશતકની ૧૨ પત્નીઓ પોતાના પિયરથી લાવેલ ૧ – ૧ કરોડ સોનામહોર તથા દશ દશ હજાર ગાયોનું એક ગોકુળ સંપત્તિના રૂપમાં હતી. રેવતીએ છ શોક્યોને શસ્ત્ર દ્વારા અને છ શોક્યોને વિષપ્રયોગથી મારી નાંખી.**

૩. જિનપાલની કથા શેનો બોધ આપે છે? કામભોગ પર દષ્ટિ કરવાથી શું નુકસાન થાય છે?

**જ. જિનપાલની કથા ચતુર્વિધ સંઘને પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં આસક્ત ન થવાનો બોધ આપે છે. કામભોગ પર દષ્ટિ કરશે તેને કામભોગો દ્વારા જ દુ:ખ પ્રાપ્ત થશે અને પરિભ્રમણમાં ફસાઈ જશે.**

૪. યક્ષની પીઠ પર બેસેલા માકંદી પુત્રોને રયણાદેવીએ શું કહ્યું?

**જ. હે મોતની કામના કરનારા ! તમે શું મારો ત્યાગ કરીને, શૈલક સાથે ચાલ્યા જશો? હવે તમે મારી તલવાર સામે જુઓ. હું તમારા બન્નેના માથા કાપીને ફેંકી દઈશ.**

૫. મહાશતક શ્રાવકની સંપત્તિનું વર્ણન કરો.

**જ. મહાશતકે આઠ કરોડ કાંસ્ય પ્રમાણ સોનામહોર સુરક્ષિત ખજાનામાં, આઠ કરોડ કાંસ્ય પ્રમાણ સોનામહોર વ્યાપારમાં, આઠ કરોડ ઘરના વૈભવમાં રાખી હતી. આઠ વ્રજ ગોકુળ હતા. પ્રત્યેક ગોકુળમાં દશ દશ હજાર ગાય હતી.**

**(૧૦)**

**પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

| | **જવાબ** |
|---|---|
| ૧. ધન્ય ........ કેવા વીર થયા? | **પાના નં. ૧૮૦ કડી ૫/૬** |
| ૨. લોકો કહે ......... ગુરુકૃપાએ. | **પાના નં. ૧૮૧ કડી ૪/૫** |
| ૩. ધગધગતું ........ કપાવું. | **પાના નં. ૧૮૧ કડી ૨** |
| ૪. ધર્મને ......... ના મરવાનું. | **પાના નં. ૧૮૨ કડી ૨** |

**જય – જિનેન્દ્ર**